ઈમિગ્રેશનઃ ખબર-અંતર

# યુએસ ઇમિગ્રેશન એલર્ટઃ તમારા હકો જાણોઃ પ્રમુખપદે કોઈ પણ હોય, દરેક નાગરિક ચોક્કસ મૂળભૂત હકો ધરાવે છે

દરેક વ્યક્તિને હવે એ વાતની ખબર છે કે અમેરિકાના પ્રમુખપદે ડોનાલ્ડ ટ્રમ્પ ચૂંટાયા છે અને તેઓ જાન્યુઆરી, ૨૦૧૭થી પ્રમુખપદની



માઇકલ ફુલવાની ડેવિડ એચ. નાચમેન લુડકા ઝિમોવચાક

પોતાની ટર્મની શરૂઆત કરશે. પ્રમુખપદે કોઈ પણ હોય, યુએસ બંધારણ અંતર્ગત અમેરિકામાં વસતી દરેક વ્યક્તિને ચોક્કસ મૂળભૂત હકો મળેલા છે.

બિનદસ્તાવેજી વસાહતીઓને પણ આ હકો મળેલા છે. એ મહત્ત્વનું છે કે આપણે સૌએ આપણા મૂળભૂત હકો વ્યક્ત કરવા જોઈએ અંને તેનું રક્ષણ કરવું જોઈએ.

જો તમારે ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઈસીઈ) અથવા અન્ય લો એન્ફોર્સમેન્ટ ઓફિસરો સાથે ઘરે, શેરીમાં કે અન્ય કોઈ સ્થળે કરાર કરવાનો હોય, તો ફેક્ટશીટમાં તમારા અધિકારો વર્ણવેલા છે.

તમારા હકો વ્યક્ત કરવા માટે તમારે શું કરવું જોઈએ તેની સલાહ પણ ફેક્ટશીટમાં પૂરી પાડવામાં આવી છે.

૧. તમને ચૂપ રહેવાનો હક છે. ઈમિગ્રેશન ઓફિસરો સામે તમે બોલવાનો ઈનકાર કરી શકો છો.

- કોઈ પણ સવાલનો જવાબ ન આપો. તમે એમ પણ કહી શકો કે તમારે ચૂપ રહેવું છે.
- તમે ક્યાં જન્મ્યા છો અથવા તમે કેવી રીતે અમેરિકામાં પ્રવેશ્યા તે વિશે તમે કશું ન કહો.

૨. નો-યોર-રાઈટ્સ કાર્ડ તમારી સાથે રાખો અને ઈમિગ્રેશન અધિકારીઓ તમને અટકાવે ત્યારે તેમને બતાવો.

- આ કાર્ડ દર્શાવે છે કે તમે ચૂપ રહેશો અને તમે એટર્ની સાથે વાત કરશો.

૩. તમારો દરવાજો ન ખોલો.

- તમારા ઘરમાં પ્રવેશતાં પહેલાં આઈસીઈ પાસે જજ દ્વારા હસ્તાક્ષર કરાયેલું વોરન્ટ હોવું જોઈએ. આઈસીઈ એજન્ટ તમને વોરન્ટ ન બતાવે ત્યાં સુધી દરવાજો ન ખોલો. જો આઈસીઈ એજન્ટ તમને વોરન્ટ બતાવવા માગતા હોય, તો તે ડોર અથવા વિન્ડો સામે રાખીને તમને બતાવશે. વોરન્ટ પર તમારું નામ અને સરનામું હોવું જોઈએ.
- આઈસીઈ એજન્ટ સાથે વાત કરતી વખતે તમારે દરવાજો ખુલ્લો રાખવાની જરૂર નથી: એક વાર તમે દરવાજો ખોલશો, ત્યારે સવાલોના જવાબો આપવાનો ઈનકાર કરવાનું અઘરું પડશે.

૪. વકીલ સાથે વાત કરવાનો તમને હક છે.

- તમે કહી શકો છો: મારે મારા એટર્ની સાથે વાત કરવી પડશે.
- આઈસીઈ અથવા અન્ય લો એન્ફોર્સમેન્ટ તમને સવાલ પૂછે તો તમે તમારા વકીલ સાથે વાત કરી શકો છો.

૫. કોઈ પણ પેપર પર સહી કરતાં પહેલાં, તમે વકીલ સાથે વાત કરો.

- આઈસીઈ તમને કંઈ પણ સહી કરાવે તો તેના પહેલાં તે તમારે વકીલ અથવા જજને બતાવવું જોઈએ. તમે જેના પર સહી કરો તેના પહેલાં દસ્તાવેજને સમજવો જરૂરી છે.

૬. તમારી પાસે કોઈ પણ માન્ય ઈમિગ્રેશન ડોક્યુમેન્ટ હોય તો હંમેશાં પાસે રાખો.

- દાખલા તરીકે, તમારી પાસે વર્ક પરમિટ અથવા ગ્રીન કાર્ડ હોય, તો તમારી ઓળખના હેતુસર હંમેશાં તમારી પાસે રાખો.
- તમારી સાથે અન્ય કોઈ દેશના દસ્તાવેજો સાથે ન લઈ જાવ, જેમ કે ફોરેન પાસપોર્ટ. આ પ્રકારના દસ્તાવેજો દેશનિકાલ પ્રક્રિયામાં તમારી વિરુદ્ધ ઉપયોગમાં લઈ શકે છે.

૭. જો તમને ચિંતા હોય કે આઈસીઈ તમારી ધરપકડ કરશે, તો તમારે ઓફિસરને જાણ કરવી જોઈએ કે તમારે બાળકો છે.

- જો તમે વાલી અથવા યુએસ સિટિઝન અથવા કાયમી નાગરિકની પ્રાથમિક દેખરેખ રાખતા હો જે ૧૮ વર્ષથી ઓછી વયના હોય, તો આઈસીઈ 'વિવેકબુદ્ધિ' વાપરી તમને જવા દેશે.

ડોનાલ્ડ ટ્રમ્પે વસાહતીવિરોધી નિવેદનો આપ્યાં હોવાના કારણે, આઈસીઈ અને અન્ય લો એન્ફોર્સમેન્ટ અધિકારીઓ વિચારી શકે છે કે તેઓ તમારા હકોનો ભંગ કરી શકે છે. કેટલીક વાર આઈઈએસ અધિકારીઓ તેઓના હક્કોથી દૂર રાખવા હસ્તાક્ષર કરાવે છે અથવા તેઓના દરવાજા ખોલવા માટે ખોટું પણ બોલે છે. જો આઈસીઈ તમને અટકાયતમાં લે અથવા તમારા વિસ્તારમાં તે દરોડા પાડશે, તો તમારે આટલું કરવું જોઈએ:

- સલામતીની યોજના તૈયાર કરો.
- જો તમારી ધરપકડ થાય તો તમારા મિત્ર, પરિવારના સભ્ય અથવા એટર્નીનો ફોન નંબર યાદ રાખો, જેથી તમે ફોન કરી શકો.
- જો તમે કોઈ બાળક અથવા અન્ય વ્યક્તિની સંભાળ રાખતા હો તો, તમારી અટકાયત પહેલાં તેઓની કોઈ સંભાળ રાખે તેવી યોજના કરો.
- જન્મ પ્રમાણપત્ર અને ઈમિગ્રેશન ડોક્યુમેન્ટ જેવા મહત્ત્વના દસ્તાવેજો સલામત સ્થળે રાખો, જેનાથી મિત્ર અથવા પરિવારના સભ્યોને જરૂર પડે તો તેઓ મેળવી શકે.
- આઈસીઈ તમારી અટકાયત કરે તો તમારા પતિ કે પત્નીને તેની ખબર કેવી રીતે પડશે તે ધ્યાનમાં રાખો. ઈમિગ્રેશન કસ્ટડીમાં કઇ વ્યક્તિ છે તે શોધવા તેઓ આઈસીઈની ઓનલાઇન ડીટેઇન લોકેટર https://locator.ice.gov/odls/homepage.doનો ઉપયોગ કરી શકે છે. અથવા તો તેઓ સ્થાનિક આઈસીઈ ઓફિસ https://www.ice.gov/contact/eroનો સંપર્ક કરી શકે છે.

નાચમન ફુલવાની ઝિમોવેક (એનપીઝેડ) લો ગ્રુપ ન્યુ યોર્ક, ન્યુ જર્સી, ઇન્ડિયાનામાં ઓફિસો તેમ જ કેનેડા અને ભારતમાં પણ સંલગ્ન ઓફિસો ધરાવે છે. આ અંગે વધુ માહિતી માટે અથવા યુએસ-કેનેડિયન ઈમિગ્રેશન સંબંધિત માહિતી માટે અમારા ઈમિગ્રેશન એન્ડ નેશનલિટી લોયર્સ અથવા એટર્નીઝનો સંપર્ક કરી શકો છોઃ ઈ-મેઈલઃ info@visaserve.com અથવા ફોનઃ 201-670-0006 (x107)